ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૨-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### જળ, જંગલ, જમીન મુદ્દે અણ્ણાનું રણશિંગું

દેશભરમાં જનલોકપાલ માટેની ઝુંબેશ ચલાવનાર અણ્ણા હજારે છેલ્લા ઘણા વખતથી મૌન થઇ ગયા હતા. દિલ્હીમાં એમના સમર્થકોમાં પણ તડાં પડી જતાં એ ઘણી મૂંઝવણ અનુભવતા હતા. અરવિંદ કેજરીવાલ અને કિરણ બેદી - બંને અણ્ણા આંદોલનનાં જ ફરજંદ, પરંતુ બેઉના રસ્તા જુદા. કિરણ બેદીએ અણ્ણાને કેજરીવાલથી દૂર ખસેડવામાં ધારી સફળતા મેળવી હતી પરંતુ 'આમ આદમી પાર્ટી'ના નેજા હેઠળ અરવિંદ કેજરીવાલના સાથીદારોએ સફળતા મેળવ્યા પછી અણ્ણા પીગળ્યા છે. જો કે એમના પ્રિય શિષ્યના શપથવિધિમાં એ હાજર નહોતા રહ્યા, પરંતુ હવે જ્યારે ખેડૂતોના પ્રશ્ને સંસદના બજેટ સત્રની સમાંતરે મોદી સરકાર સામે એના ખેડૂત વિરોધી જમીન સંપાદન વટહુકમ મુદ્દે લોકપાલ ટાઇપ ઝુંબેશ ઉપાડી રહ્યા છે ત્યારે મોદી સરકારે પાણી પહેલાં પાળ બાંધવાનો અભિગમ અપનાવી વટહુકમ દ્વારા જારી કરાયેલા ખરડામાં કેટલાક ફેરફારો કરવાની તૈયારી દર્શાવી છે. અગાઉ પણ મનમોહન સરકારે અણ્ણાને અનુકૂળ થવાનું વલણ દાખવી એમના ઉપવાસ છોડાવ્યા હતા. અણ્ણા નિઃસ્વાર્થ ગાંધીવાદી કાર્યકર તરીકે જાણીતા છે અને જે મુદ્દો પકડે એને છેક સુધી છોડતા નથી. વળી પ્રજાને એમનામાં મહાત્મા ગાંધીનાં દર્શન થતાં રહ્યાં હોઇ તેઓ પંચોત્તેર વર્ષની જૈફ વયે પણ લાંબો સમય અનશન કરી સરકારની લોકવિરોધી નીતિઓ સામે આંદોલન ચલાવવાની ક્ષમતા ધરાવે છે - તેથી સરકાર એમનો સામનો કરવા કરતાં એમને અનુકૂળ થઇ જવામાં જ શ્રેય સમજે છે. અણ્ણાનું આરએસએસ કનેક્શન પણ હવે અજાણ્યું નથી રહ્યું. આમ, એક સર્વશ્લેષી પ્રતિભા વિરુદ્ધ સત્તાધારી પાર્ટી કે વિપક્ષ - કોઇને પણ વિરોધી વલણ દાખવવું પોસાય નહીં એવું નૈતિક બળ અણ્ણા હજારે ઊભું કરી રહ્યાં છે. ખેડૂત વિરોધી જમીન સંપાદન ખરડા સામેના અણ્ણા આંદોલનને વ્યાપક સમર્થન મળી જાય અને સરકાર ભીંસમાં આવી જાય એ પહેલાં જ મોદી સરકારે 'વાણિયા મૂછ નીચી' વાળી કૂટનીતિ અપનાવીને એક ડહાપણ તેમજ દૂરંદેશીભર્યું પગલું ભરવાની ચેષ્ટા જરૂર કરી છે, પરંતુ મોદી સરકાર ઉદ્યોગપતિઓની તરફેણમાં જ નિર્ણયો લેનારી ખેડૂત-વિરોધી સરકાર છે, એવી છાપ તો ઊભી થઇ જ ગઇ છે. ઉદ્યોગો માટે જમીન સંપાદન કરતાં પહેલાં ખેડૂતોની સાથે કોઇ જ ચર્ચા વિચારણા નહીં કરવાની બાબત સૂચિત ખરડાની મુખ્ય દુખતી રગ છે. આથી ઉશ્કેરાયેલા ખેડૂતો દેશભરમાં આ મુદ્દે સરકારની સામે વ્યાપક ઝુંબેશ ઉપાડે એવી શક્યતા નકારી શકાય એમ નથી. જદ (યુ)ના પ્રમુખ શરદ યાદવે આ મુદ્દે આખા દેશના ખેડૂતોને ઢંઢોળવાનો નિર્ણય જાહેર કર્યો છે. અણ્ણા હજારે કદાચ સરકાર સાથે સુમેળભર્યું સમાધાન કરી દે તો પણ વિપક્ષોને તો આ સરકાર વિરુદ્ધ એક મોટો મુદ્દો મળી જ ગયો છે, જે મોદી સરકારની લોકપ્રિયતા સામે ખતરારૂપ બની શકે છે. મુલાયમ-લાલુના કૌટુંબિક પ્રસંગમાં હાજરી આપવા ગયેલા મોદી પણ આ બાબત સુપેરે સમજે છે.

## આદર્શ નિવાસી શાળા (કન્યા, કુમાર) સરકારી કુમાર છાત્રાલયનો ખાતમુહૂર્ત કાર્યક્રમ રાયસણ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર, આદર્શ નિવાસી શાળા કુમાર-કન્યા, ગાંધીનગરનો ખાતમુહૂર્ત સમારોહ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સવારના ૯.૩૦ કલાકે રાયસણ ખાતે યોજાશે. આ પ્રસંગે ખાતમુહૂર્ત વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસના મંત્રી શ્રી મંગુભાઇ પટેલના હસ્તે કરાશે. આ ખાત મુહૂર્ત સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઇ ગામીત ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઇ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, આદિજાતિ વિકાસ વિભાગના સચિવ શ્રી આર.સી.મીના, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર શ્રી એન. કે. પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા આદિજાતિ વિકાસ, ગાંધીનગરના નાયબ કમિશનર શ્રી જે.કે.ગઢવી અને તેમના સ્ટાફે સુચારું આયોજન કર્યુ છે.

## પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયમાં ત્રિવેણી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૨૮ સ્થિત બ્રહ્માકુમારી સેવા કેન્દ્રનો ૩૫મો વાર્ષિકોત્સવ રાજયોગીની સરલાદીદીનો ૭૫મો અમૃત મહોત્સવ તેમજ ૧૩૦ તપસ્વીમૂર્ત આત્માઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરના સે-૨૮ પ્લોટ નં. ૭૫૧ સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે ત્રિવેણી સંગમ સમો વાર્ષિકોત્સવ, સન્માન સમારોહ અને અમૃત મહોત્સવ આગામી ૧લી માર્ચ રવિવાર સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવનાર છે.

ઈશ્વરીય સેવાઓનું ભાગ્યશાળી સેવા કેન્દ્ર યશકલગીઓના અલૌકિક શ્રૃંગાર સાથે ૩૫ વર્ષ પૂર્ણ કરે છે. ત્યારે ભવ્ય વાર્ષિકોત્સવ યોજવામાં આવશે. તેમજ સેવાસ્થાન પરથી પ્રભુને સમર્પિત થયેલા ૨૧ સૌભાગ્યશાળી આત્માઓનો અને સેવા કેન્દ્રના ૧૦૯ તપસ્વી મૂર્ત રાજયોગી ભાઈ બહેનોનો સન્માન સમારોહ અને ગુજરાતની સેવાઓનો બીજમાંથી વટવૃક્ષ બનાવનાર આદરણીય સરલાદીદીનો અમૃત મહોત્સવ યોજાશે.

સમારોહમાં ત્રિમૂર્તિ વરદાનની મૂર્ત દીદીઓ, મુખ્ય મહેમાન તરીકે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મંત્રી ગુજરાત સભ્ય, પી.સી. ઠાકુર, આઈ.પી.એસ., અતિથિ વિશેષ તરીકે થોમસ જોબ, ડીઆઈજી અતિથિ વિશેષ તરીકે મહેન્દ્રસિંહ રાણા મેયર ગાંધીનગર, અશોક પટેલ-ધારાસભ્ય, રવિશંકર-કલેકટર, આશિષકુમાર દવે, ચેરમેન સ્ટેન્ડિંગ કમિટિ ઉપસ્થિત રહેશે.

તેમજ ગાંધીનગર સમાચાર અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ, ગાંધીનગર શહેર વસાહત મંડળ, મહાનગરપાલિકા ગાંધીનગર, જિલ્લા પંચાયત ગાંધીનગર, મેડીકલ એસોસિએશન ગાંધીનગર એન્જિનીયર એન્ડ આર્કિટેક એસોસિએશન ગાંધીનગર સંસ્થાઓ સન્માન કરશે.

## એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

શ્રીમતિ આર.એન. પટેલ શાળાના ધોરણ-૭ ના કુલ ૧૧૯ વિદ્યાર્થીઓ શનિવારે તા. ૨૧-૨-૨૦૧૫ના રોજ અડાલજની વાવ, ગાંધીઆશ્રમ અને સાયન્સ સિટીના એક દિવસના શૈક્ષણિક પ્રવાસ અર્થે મુલાકાત લીધી હતી. સવારના ખુશનુમા વાતાવરણમાં ઐતિહાસિક સ્થાપત્યના અણમોલ નમૂના સમી અડાલજ વાવની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ કલા અંગે પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યું. ત્યારબાદ ગાંધીઆશ્રમની મુલાકાત દ્વારા સત્ય અને અહિંસાના પૂજારી સમા ગાંધીજીના જીવન જીવવાની ઝાંખી કરી તથા તેમની પ્રસાદીની વસ્તુઓનું પ્રદર્શન નિહાળ્યું હતું. પ્રવાસથી ગાંધીજીના જીવન મૂલ્યોનું ઘડતર બાળકોમાં થાય તેવો અભિગમ અભિભૂત થયો હતો. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તથા જ્ઞાન અને ટેકનોલોજીના સુમેળથી નવીન સર્જનાત્મક કૌશલ્ય વિકસે તે હેતુથી સાયન્સ સીટીની મુલાકાતનું આયોજન કર્યું છે. જેમાં ૩-ડી ફિલ્મ 'હબલ'નો આનંદ માણ્યા પછી મિશનટુ માર્શ રાઈડ અને થ્રીલ રાઈડ, સોલર સીસ્ટમ તથા જુદા જુદા પ્રયોગોની મુલાકાત લીધી હતી.

## અદાણી પોર્ટનો બે દિવસીય પ્રવાસ યોજાયો

સેકટર-૨૩ આર.જી. પટેલ અને એસ.બી. પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓનો બે દિવસીય શૈક્ષણિક પ્રવસ યોજાયો હતો. શાળાની ૭૬ વિદ્યાર્થીનીઓ અને ૪ શિક્ષકો પ્રવાસમાં જોડાયા હતા. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીનીઓને અદાણી પોર્ટ, અદાણી વિલ્મર, અદાણી પાવર, અદાણી ફાઉન્ડેશનના દર્શન કરાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને કંપની વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પ્રવાસનું આયોજન અદાણી પાવર દ્વારા કરવામાં આવ્યું હતું.

## પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા કૌશલ્ય વર્ધક કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાત સરકારના ગતિશીલ અને પાંચના વિદ્યાર્થીઓને કૌશલ્ય પ્રદાન કરવા કૌશલ્ય વર્ધન તાલીમની સુવિધા ઉભી કરવાનું કાર્ય ગુજરાત નોલેજ સોસાયટીને સોંપવામાં આવ્યું છે તે અન્વયે કુલ એમ.બી. ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. શાબ્દિક સ્વાગત પ્રિ.ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ કરેલ હતું. આ વર્કશોપમાં શ્રી સંજય એન્જીનીયરે સોફલ સીકલ વિષય



ગુજરાત કાર્યક્રમમાં દર્શાવેલ વિષયોને ધ્યાને લઈ નવા નવા થીમ સ્વરૂપે અલગ અલગ ૧૮ વિષયને ધ્યાને લઈ ૧૧૧ જેટલી વહીવટી પ્રવૃત્તિને આવરી લેતો ચોકકસ લક્ષ્ય સાથેનો કાર્યક્રમ અમલમાં મુકાયો છે. જે પૈકી શ્રમ અને રોજગાર વિભાગના પરિશિષ્ટ મુદ્દા નં. ૧૧ અંતર્ગત કુશળતા 'ઉંચે લઈ જવી'ના ભાગરૂપે સેમેસ્ટર બે, ચાર ૨૫ કોલેજની પસંદગી કરવામાં આવી છે. તેમાંની એક શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'કૌશલ્ય વર્ધન કેન્દ્ર'નો પ્રારંભ કરવામાં આવ્યો. આ જી.કે. એસ. દ્વારા પાઈલોટ પ્રોજેકટમાં એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવે. કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે ગુજરાત નોલેજ સોસાયટીના સી.ઈ.ઓ. ડૉ. પર શ્રી સાવન પટેલે સાયબર સિકયોરીટી પર અને ધીરેન વ્યાસે ઈનોવેટીન ઈન્ટેલીજન્સી પર વ્યાખ્યાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નરેન્દ્ર પટેલે કર્યું હતું તો સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કરેલ હતું. કુલ ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ આ વર્કશોપમાં ભાગ લીધો હતો.






ગાંધીનગર ભાટ ખાતે આવેલી ઉદ્યમીતા વિકાસ સંસ્થામાં (ઈડીઆઇ) તા ૧૮ થી ૨૦ના રોજ દ્વિવાર્ષિક કોન્ફરન્સ યોજાઈ? આ ત્રણ દિવસીય કોન્ફરન્સનું ઉધ્ઘાટન IIMના દ્વિજેન્દ્ર ત્રિપાઠી, સંસ્થાના ડિરેક્ટર દિનેશ અવસ્થી ની હાજરીમાં થયું હતું? જેમાં અમેરિકા,જર્મની,સ્કોટલેન્ડ જેવા વિવિધ દેશ માંથી કુલ ૩૫૦ જેટલા ઉદ્યોગસાહસિક વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં અલગ અલગ ક્ષેત્રોના શોધપત્રો રજુ કર્યા હતા.જેમાં જે વિશ્વમાં મહિલાના વ્યાપાર સબંધિત મુશ્કેલીઓ તથા તેના ઉપાય માટે ભરવા પડતા વિવિધ પગલા અને વિવિધ સંસ્થામાં કામ કરતા કર્મચારીને પોતાની વ્યાપાર સબંધિત કૌશલ્ય વિકાસ વિષય સંદર્ભે કડી વિશ્વવિધાલયના જર્નાલીસમ વિભાગના વિધાર્થી જય મેરજા તથા પલક પટેલના ૨ સંશોધન પત્ર આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયા હતા તથા તેને પ્રતિનિધિમંડળ સમક્ષ પ્રસ્તુતિ કરી હતી. આયોજિત કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી એસ.કે. મંત્રાલા,પત્રકારત્વ વિભાગના કો-ઓર્ડિનેટરશ્રી કૃષ્ણકાન્તભાઈ જહા સહિત ફેકલ્ટી મિતેશ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન કર્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સે-૨૨સ્થિત ધીરજલાલ ડાહ્યાલાલ દોશીનું ૭૨ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. તેમના સ્વજન દ્વારા સ્વર્ગસ્થના પાર્થિવ દેહનું ગાંધીનગર મેડીકલ કોલેજને દાન કર્યું છે.

ગાંધીનગર શૈક્ષણિક નગરીનીસાથે સાથે ધાર્મિક અને સેવાકીય નગરી પણ બની રહી છે. નગરમાં મેડીકલ કોલેજ નિર્માણ પામ્યા બાદ દેહદાન કરવામાં પણ પાટનગરવાસીઓ આગળ આવી રહ્યા છે. ગાંધીનગર સે-૨૨ પ્લોટ નં. ૧૪૪/૨માં રહેતા ધીરજલાલ ડાહ્યાલાલ દોશીનું ૭૨ વર્ષે નિધન થયું છે. સ્વર્ગસ્થના પાર્થિવ દેહને તેમના પુત્ર હિતેશ દ્વારા ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન કરવામાં આવ્યું છે. ભાવિ ડોકટરોને અભ્યાસ દ્વારા વધુ શીખવા મળે તે હેતુથી દાન કરવામાં આવ્યું છે.

## આજે ચિલોડામાં ગરબા મહોત્સવ યોજાશે

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના ચોકમાં દર વર્ષની પરંપરા મુજબ બળિયાદેવ મહારાજ મંદિર તથા મહાકાળી માતાજી મંદિરના સંયુકત ઉપક્રમે યુવક મંડળ દ્વારા ફુલવાળા ગરબા મહોત્સવનું તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ રાત્રે ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ગરબા મહોત્સવમાં દેવી-દેવતાઓની માનતા-બાધાના ૨૫ ગરબા સાથે મહિલાઓ ગરબે ઘુમશે.

## જિલ્લા મહિલા સન્માન અને રાજ્ય મહિલા સન્માન એવૉર્ડ જોગ

ગાંધીનગર, તા. ૨૩

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા જિલ્લા મહિલા સન્માન અને રાજય મહિલા સન્માન નામના બે એવોર્ડ આપવાનો આરંભ વર્ષ- ૨૦૧૫થી કરેલ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા મહિલા સન્માન એવોર્ડ માટે મહિલા સશક્તિકરણના કાર્યક્ષેત્રમાં કામગીરી કરેલ મહિલાઓ પાસેથી નિયત ફોર્મમાં અરજી મંગાવવામાં આવી છે.

આ એવોર્ડ માટે મહિલા સશકિતકરણના કાર્યક્ષેત્રમાં મહિલાઓમાં જાગૃતતા લાવવા અને પ્રોત્સાહિત કરવા સમુદાયને આગળ લાવવા મહિલા સશક્તિકરણ, કૌશલ્યમાં વધારો કરવા, તાલીમ અને કાર્યક્ષમતામાં વધારો કરવા તેમજ ઉદ્યોગ પ્રોત્સાહન હાથ ધરી શકાય તેવી પ્રવૃત્તિઓ જેવી કે આરોગ્ય અને સ્વચ્છતા, બાળજાતિ દર, મહિલા સલામતી અને સુરક્ષા, શિક્ષણ, પોષણ, પર્યાવરણ, પાણી પુરવઠા, સામાજિક સલામતી જેવા કોઈ પણ ક્ષેત્રમાં જે મહિલાઓ અને દિકરીઓના જીવન સાથે જોડાયેલ, રોજગારી, પ્રતિષ્ઠા અને ગૌરવને અસર કરતા હોય તેવા કોઈ પણ કાર્યો. જેમાં જાતિય અસમાનતા દુર કરવી કે મહિલાઓ પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલવા માટે આવુ કોઈ કાર્ય કર્યું હોય કોઈ પણ ક્ષેત્રમાં આગળ પહેલ કરીને કાર્ય કર્યુ હોય તેવી મહિલા એવોર્ડ અંગે પસંદગીને પાત્ર છે.

આ પ્રકારની કામગીરી કરેલ મહિલાઓ પાસેથી નિયત નમુનામાં અરજીઓ દિન- ૨માં એટલે કે તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર, આઇ.સી.ડી.એસ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે કચેરીના સમય દરમ્યાન રજૂ કરવાની રહેશે.

# ફાગણને હરખે-હરખે વધાવવા માટે તેમજ મન ભરીને માણવા માટે સૌએ કુદરતની આ સુંદર સૃષ્ટિનું જતન કરવું પડશે

**પ્રકૃતિના અવનવા રંગ**
**વિચારસભા**
- નેહલ જયદીપ ગઢવી

હાં રે એક મીઠો
મહાસાગરે ભરેલા પાણી તણોય લીલુડો રંગ,
કાં રે બીજો મીઠો
કણબીની વાડે ઝૂલન્તી શેરડીનો લીલુડો રંગ.
હાં રે મને મીઠો
પ્રભુજીની પીંછી કેરો રંગેલ સર્વ લીલુડો રંગ.

- ઝવેરચંદ મેઘાણી

માનવના સહજ મનોભાવનાનું વાસ્તવિક નિરૂપણ આપણા ગ્રામ્ય લોકસાહિત્યમાં વિશેષ જોવા મળે છે. તેમના દૈનિક જીવનની હરેક પ્રક્રિયામાંથી કલ્પના સભર ઊર્મિઓનું મધુર સંગીત વસંતઋતુમાં મુગ્ધ કરી દેતું હોય છે. જોબનવંતી નવોઢા સ્ત્રીની માફક ધરતી પોતાના અંગ ઉપર વિવિધ રંગી વસ્ત્રોનું રંગીલું પરિધાન કરે. ચારે તરફ ઉત્સાહ-ઉમંગ અને ઉલ્લાસના ચેતના-ફૂવારા ઊડે, પ્રકૃતિ અને માનવ એકમેક થઇને જીવનનો અમૂલ્ય આનંદ લૂંટે. કુદરતના આ આનંદમાં સ્ત્રી-પુરુષની સાથોસાથ ધરતી પણ નાચવા માંડે. મંજીરાના મધુર રવથી અંગે અંગ તો નાચે જ સાથોસાથ આભે પણ અબીલ ગુલાબ છવાઇ જાય. ફાગણ આવતાં જ વન-ઉપવનમાં કેસુડાં ખીલી ઊઠે છે ! તેથી જ વાતાવરણમાં અચાનક આવેલો પલટો અને બપોરે શરૂ થઇ ગયેલી ગરમી અને તાપના પ્રકોપ વચ્ચે પણ આપણે તો 'ફોરમતા ફાગણ'ને વધાવી જ લઇએ છીએ. જો કે, ઋતુઓના આ ફેરફાર, લગ્નગાળો અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને કારણે ત્યારે વાયરલ બિમારીનું પ્રમાણ ઘણું વધ્યું છે અને તેમાં પણ સ્વાઇન ફ્લુની બિમારીએ તો આપણને સૌને ખાસ્સા ભયભીત બનાવી દીધા છે ! જો કે, સાવધાની અને કાળજીપૂર્વક આ સમસ્યાનો સામનો કરવા આપણે સૌ સાથે મળીને કટિબદ્ધ જરૂર બન્યા છીએ. પણ તેમ છતાં, કુદરતની આ વિશાળ સત્તા સામે ક્યારેક માનવીએ મને - કમને મનતું જોખવું જ પડે ! જો કે, જે રીતે આપણે આડેધડ વૃક્ષછેદન કરી રહ્યા છીએ તેમ જ પ્રકૃતિના નિયમોને તોડી રહ્યા છીએ તે જોતાં લાગે છે કે પરિણામ ભયજનક જ આવશે !

કવિશ્રી ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

"આ છાંયડાના કસુંબાઓ ગટગટાવી લ્યો!
નગરનું વૃક્ષ છું, કોઇ પણ ક્ષણે વઢાઇ જઇશ."

જો કે, આમ જોવા જઇએ તો અત્યારે સવારે તેમ જ સાંજે વાતાવરણ ખૂબ ખુશનુમા હોય છે. સવારનો તડકો પણ એટલો વેધક હોતો નથી. ચાલવા જનારા અને દોડવા જનારા તમામ લોકો માટે સવારનું મનમોહક વાતાવરણ ઉત્તમ બની રહે છે! તડકાનો આનંદ લેવા માટે પણ આ ઋતુ શ્રેષ્ઠ ગણાય ! કવિશ્રી દીપક બારડોલીકર લખે છે તેમ,

"સૂર્યની ડાળથી ખરે તડકો
જિંદગી ફાંટમાં ભરે તડકો
ઝીણા ઝાકળમાં ઓગળે
તડકો
કાગડા ઘાસમાં ચણે તડકો
હૈયે હૈયે ઉમંગ છલકાવે
મસ્ત કલરવ બની વહે તડકો
કાલે આવો ગુલાબી કયાં મળશે
આજ પી લઇએ આપણે તડકો..."

સવાર-સવારના ઝાકળભીની આ ધરતી એટલી સુંદર ખીલી ઊઠે છે કે મન ભરીને નિહાળ્યા જ કરવાનું મન થાય છે ! ઠંડી ઓછી થઇ હોવાને કારણે યુવાનો પણ રજાઇમાંથી બહાર આવીને વહેલી સવારનું આ સૌંદર્ય, પોતાને મનગમતા ગીતો સાંભળતા સાંભળતા, પોતપોતાની રીતે માણે છે ! પ્રકૃતિના આ સૌંદર્ય પરત્વે આપણા કવિઓનો હંમેશ વિશેષ લગાવ રહ્યો છે. આવા સુંદર મનમોહક વાતાવરણમાં વૃક્ષને જેમ પર્ણો ફૂટે તેમ કવિને કવિતા ફૂટે એટલે કે સ્ફૂરે છે !

કવિશ્રી ચંદ્રકાન્ત શેઠ લખે છે તેમ,

"તું છે મારી અંદર તેથી ભર્યો-ભર્યો હું લાગું !
તું લીલોછમ અંદર તેથી હર્યોભર્યો હું લાગું !
તું છે મારા પર્ણે પર્ણે, તું છે મારા મૂળમાં;
તારો અઢળક રંગ ઊઘડે અહીં આ દરેક ફૂલમાં;
તારી મઘમઘ લ્હેરે બધે જ ફર્યોફર્યો હું લાગું !" ઇશ્વરની આ રચેલી સુંદર સૃષ્ટિના કણેકણમાં આપણે એક દૈવી-અલૌકિક શક્તિને અનુભવીએ છીએ !

ઇશ્વરે જુદી-જુદી ઋતુઓમાં અલગ-અલગ રંગો પૂર્યા છે અને આ રંગબેરંગી રંગોળીને આપણે માણી પણ છે. ખીલી ઉઠેલા ફૂલો જોઇને કવિશ્રી મકરન્દ દવેની આ રચના યાદ આવી જાય :

"ફૂલો તો એની ફોરમ ઢાળી
રાજી
વાયરો કયાં જઇ ગંધ
વખાણે,
ફૂલ તો એનું કોઇ ન જાણે,
ભમરા પૂછે ભેદ તો લળી
મૂંગું મરતું લાજી....
એનું નિજના રંગમાં રાતું,
ખુશ્બુભર્યું એકલું ખાતું,
મસળી નાખે કોઇ તો સામે
મહેક દે તાજી તાજી !
ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી."

ફાગણને હરખે-હરખે વધાવવા માટે તેમજ મન ભરીને માણવા માટે સૌએ કુદરતની આ સુંદર સૃષ્ટિનું જતન કરવું પડશે. ઇશ્વર તો દાતા છે અને દયાળુ પણ તેમ છતાં મનુષ્ય જયારે સમજ્યા વિના જ આડેધડ પ્રકૃતિને નુકશાન પહોંચાડવા લાગે છે ત્યારે તેમને કોપાયમાન થઇને પોતાની સર્વોપરી સત્તાનો અહેસાસ માનવીને કરાવવો જ પડે છે પણ એનાથી સમગ્ર સજીવ સૃષ્ટિને કષ્ટ સહન કરવું પડે છે. કવિવર શ્રી ઉમાશંકર જોશી લખે છે તેમ,

"વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી;
પશુ છે, પંખી છે, પુષ્પો છે, વનોની વનસ્પતિ !
વીંધાય છે પુષ્પ અનેક બાગનાં !
પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની !
જીવો તણી કાય મૂંગી કપાય છે !
કલેવરો કાનનાં ઘવાય છે !...
પ્રકૃતિમાં રમંતાં એ દુભાશે લેશ જો દિલે,
શાંતિની સ્વપ્નછાયા યે કદી માનવને મળે ?"

પ્રકૃતિનું જતન કરીશું અને તેના ચાહક બનીશું તો જ સૃષ્ટિના આ રંગોની રંગોળીને માણી શકીશું. વાતાવરણ પ્રદૂષિત ન કરીએ તો કુદરતના સૌંદર્યને માણી શકીએ; ઘોંઘાટ ન કરીએ તો પ્રકૃતિના સંગીતને માણી શકીએ અને ફૂલ-છોડ ઉછેરી તેનું જતન કરીએ તો પુષ્પોની મઘમઘતી ફોરમને પણ માણી શકીએ ! પહેલાં કરતા આ બાબતે જાગૃતિ ચોક્કસ આવી છે પણ આપણે પ્રકૃતિને ઘણા વર્ષોથી નુકશાન પહોંચાડતા આવ્યા છીએ તો હવે તેને ફરીથી હરી-ભરી અને પ્રફુલ્લિત કરતા સમય તો જરૂર લાગશે પણ આપણે સૌ સાથે મળીને આ માટે કટિબદ્ધ થઇ જઇશું તો ચોક્કસ સફળ થઇશું. આપણા બાળકોને અને આવનારી પેઢીને પ્રકૃતિનું અસીમ સૌંદર્ય ભેટમાં આપીને જઇ શકીએ તો તેનાથી વધુ મોટી કોઇ વિરાસત હોઇ જ ન શકે !